દાખલ તારીખ :૧૫–૦૬–૨૦૨૬

રજી. તારીખ :૧૫–૦૬–૨૦૨૬

ફેસલ તારીખ :૨૨–૦૬–૨૦૨૬

સમય ગાળો : વર્ષ: માસ: દિવસ:

૦૦ – ૦૦ – ૦૭

**જૂનાગઢના મહે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**

**મુ.જુનાગઢ**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૭૯/૨૦૨૬.**

આંક :

**અરજદાર :** ઈબ્નેસહુદ ઉર્ફે સહુદ અબામનેસર ઓલ્ગી(અબર),
ઉ.વ.૨૯, ધંધો–પ્રાઈવેટ નોકરી,
રહે. નરસીંહ વિદ્યામંદીરની સામે,
ઝમઝમ એપાર્ટમેન્ટ, બ્લોક નં.૭ સી,
જુનાગઢ.

**–:: વિ રૂ દ્ધ ::–**

**સામાવાળા :** સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીશ થ્રુ : ગવર્નમેન્ટ પ્લીડર,
જુનાગઢ.

બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ
મુદ્દામાલ મોબાઈલ પરત મળવા અંગે.

અરજદાર તરફે વિ.વકીલશ્રી એ.એમ.મકરાણી

સામાવાળા/સરકારશ્રી તરફે વિ. એડી.પી.પી. શ્રી એ.એમ.પારેખ.

**–: ઠ રા વ :–**

(૧) અરજદારે હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, કેશોદ પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૦૩૦૩૦૨૬૦૧૭૪/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે પોલીસે વીવો કંપનીનો VIVO V40 128 GB TITANIUM GREY મોબાઈલ ફોન અરજદારની માલીકીનો મુદ્દામાલ

તરીકે કબજે કરેલ છે અને સદરહુ મોબાઈલ તેમના રોજબરોજના વપરાશનુ અને ધંધાનુ સાધન છે અને કબજે કરેલ મોબાઈલ ફોન ટ્રાયલ ચાલતાલાંબો સમય લાગે તેમ હોય તેથી લાંબો સમય બીનપવરાશી પડયો રહે તો તેમાં યાંત્રીક ખામી થાય, સ્પેરપાર્ટસ, બેટરી, ડીસપ્લેને નુકશાન થાય મોટો ખર્ચ આવે તેમ છે તે તમામ હકીકતે દ્રાયલ ચાલતા દરમ્યાન યોગ્ય શરતોને આધિન મુદ્દામાલવાળો મોબાઈલ ફોન તેઓને પરત સોંપવા અરજદારે હાલની આ અરજી કરેલ છે.

(૨) અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી મોબાઈલની બીલની નકલ માર્ક–૩/૧ થી, અરજદારના આધાર કાર્ડની નકલ માર્ક ૩/૨ થી, એફ.આઈ.આર.ની નકલ ૩/૩ થી રજુ કરેલ છે. જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી. શ્રી એ.એમ.પારેખ હાજર થયેલા છે અને અરજી અન્વયે તપાસ કરનાર પોલીસ અધિકારીનો અભિપ્રાય આંક–૦૫ થી રજુ થયેલ છે તેમાં અરજદારને મુદ્દામાલ મોબાઈલ પરત સોંપવામાં આવશે તો ફરીવાર આવા ગુન્હામાં ઉપયોગ કરશે તેમજ બહાર વેચી નાખશે અને કેસ ચાલતા મુદ્દામાલ રજુ કરશે નહીં જેથી મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે અને આ કામે ચાર્જશીટ થઈ ગયેલ હોવાનુ જણાવેલ છે.

(૪) અરજદાર તરફે વિ. વકીલશ્રી એ.એમ.મકરાણીને સાંભળ્યા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી. પી. શ્રી એ.એમ.પારેખને સાંભળ્યા.

(૫) આ કામે અરજીની હકીકત, પક્ષકારોની દલીલો, રજુ દસ્તાવેજી આધારો, પોલીસ અભિપ્રાય ધ્યાને લેતાં કેશોદ પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૦૩૦૩૦૨૬૦૧

૭૪/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે પોલીસે વીવો કંપનીનો VIVO V40 128 GB TITANIUM GREY મોબાઈલ ફોન મુદ્દામાલ તરીકે કબજે લીધેલ છે. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોનના બીલની નકલ માર્ક ૩/૧ થી અરજદાર તરફે આ કામે રજુ કરેલ છે તે ધ્યાને લેતા મુદ્દામાલવાળા VIVO V40 128 GB TITANIUM GREY મોબાઈલ ફોનના અરજદાર માલિક હોવાનુ જણાય આવે છે. તેમજ મુદદામાલ પાવતી ધ્યાને લેતા મુદદામાલ હાલના કામેના અરજદાર પાસેથી કબજે કરેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં આ કામે પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા ચાર્જશીટ થઈ ગયેલ હોય જેથી સદરહુ મુદ્દામાલની તપાસના કામે જરૂરીયાત હોય તેવું જણાય આવતુ નથી. સદર ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય પસાર થાય તેમ હોય, આ સમય દરમ્યાન મોબાઈલ ફોન પોલીસ સ્ટેશનમાં બીન–ઉપયોગી પડયો રહે તો તેના સ્પેર પાર્ટસ, બેટરી ખરાબ થઈ જાય તેમ છે. આ કામે તમામ સંજોગોને લક્ષમાં લેતાં તથા આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટના **<u>એ.આઈ.આર. ૨૦૦૩. સુ.કો. પેજ નં.–૬૩૮. સુંદરલાલ અંબાલાલ દેશાઈ –વિ– સ્ટેટ ઓફ ગુજરાત</u>**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ હાલનો મુદામાલ બિન ઉપયોગી પડી રાખવાથી કોઈ હેતુ સરે તેમ નથી. જયારે તેના કબજેદાર–માલિકને નુકશાન થાય છે. ત્યારે સમગ્ર હકીકતો જોતા હાલની અરજી દાદનો ઈન્કાર કરવો ન્યાય સંગત જણાતું ન હોય તેમજ આ કામના અરજદાર જામીન આપવા અને શરતો પાળવા તૈયાર અને ખુશી હોય, આ સંજોગોમાં યોગ્ય શરતોને આધિન મુદ્દામાલનો, કેસ ચાલતા દરમ્યાન વચગાળાનો કબજો પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ માનવુ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) કેશોદ પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૦૩૦૩૦૨૬૦૧૭૪/૨૦૨૬,

એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે પોલીસે વીવો કંપનીનો VIVO V40 128 GB TITANIUM GREY મોબાઈલ ફોન જેના IMEI No.863799074223572 વાળો મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેમજ તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી કેસ ચાલતા દરમ્યાનનો વચગાળાનો કબજો અરજદારને નીચેની શરતોને આધિન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧) અરજદારે સદર મુદામાલ વાળા મોબાઈલ ફોનની ઓળખમાં ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૨) અરજદારે મુદામાલવાળો મોબાઈલ ફોન કેસ ચાલતા સુધી અન્ય કોઈને કોઈપણ રીતે વેંચાણથી, બક્ષીસથી, ગીરોથી કે કોઈપણ રીતે ટ્રાન્સફર તબદીલ કરવો–કરાવવો નહીં.

૩) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળો મોબાઈલ ફોન કોર્ટ ફરમાવે ત્યારે હુકમ મુજબ રજુ કરવાનો રહેશે.

૪) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળા મોબાઈલ ફોનનો કોઈ ગેરકાનુની પ્રવૃતિમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં.

૫) અરજદારને મુદ્દામાલ સોંપતી વખતે ત. ક. અમલદારે અરજદારના ખર્ચે મુદ્દામાલ મોબાઈલ ફોનના ચારેય એંગલથી ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ ઓળખી શકાય તે રીતે ફોટા પાડી અત્રેની કોર્ટમાં રજુ કરવા.

(૩) હુકમ મુજબના જામીન અને જાત મુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

(૪) આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી.

આ હુકમ આજ તારીખ–૨૨ મી, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૬
જૂનાગઢ.

**(એ. આર. રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)